## દ્વિતિય લેખિત કસોટી : એપ્રિલ-૨૦૧૭

| | | |
|---|---|---|
| તારીખ : ૧૭/૦૪/૨૦૧૭ | ધોરણ-૬ | સમય : ૮:૦૦ થી ૧૧:૦૦ |
| વાર : સોમવાર | વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૮૦ |

**વિદ્યાર્થીનું નામ :** ______________________________ **બેઠક નંબર :** ________

**સૂચનાઓ :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચે આપેલાં પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (6)

(1) વાંસળી કોણ વગાડે છે ?

(ક) ગોવાળ (ખ) ખેડૂત (ગ) શ્રીકૃષ્ણ (ઘ) ગોપી

(2) બંને મિત્રોને શેનો અફસોસ હતો ?

(ક) પત્ર ફાટી ગયો (ખ) પત્ર વેદ સાહેબ પાસે રહી ગયો

(ગ) પત્ર ખોવાઈ ગયો (ઘ) નોકરી ન મળી

(3) સીતા સ્વયંવરમાં મૂકેલ ધનુષ્ય કોનું હતું ?

(ક) શિવનું (ખ) રામનું (ગ) જનકનું (ઘ) કૃષ્ણનું

(4) વર્ગ શિક્ષકે ત્રણ વિદ્યાર્થીઓની સમિતિ કેમ નીમી હતી ?

(ક) શાળા વ્યવસ્થા માટે (ખ) બોર્ડ પર સમાચાર લખવા

(ગ) વર્ગની શિસ્ત માટે (ઘ) પ્રવાસ સ્થળ નક્કી કરવા

(5) અક્ષરો સારા કાઢવા હોય તો .....

(ક) લખવાનો વારંવાર મહાવરો કરવો પડે

(ખ) કલમથી જ લખવું

(ગ) નવી બોલપેનની જરૂર પડે

(ઘ) મન શાંત રાખવું

(૬) કાવ્યમાં 'ગુજરાત મોરી મોરી રે.....' શબ્દો વારંવાર વપરાયા છે એ શું બતાવે છે ?

(ક) માલિકીભાવ (ખ) ગાવાની મજા માટે

(ગ) ગુજરાત પ્રત્યેનો પ્રેમ (ઘ) ગુજરાતની વિશેષતા

Scanned by CamScanner

(બ) નીચે આપેલ વિભાગ 'અ' ની કૃતિને વિભાગ 'બ' માં આપેલ કર્તા સાથે યોગ્ય રીતે જોડીને લખો. (5)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) એક જાદુઈપત્રની વાર્તા | (1) ઉમાશંર જોષી |
| (2) સુગંધ કચ્છની | (2) ગિરધર |
| (3) સારા અક્ષર | (3) ડૉ.રતિલાલ બોરીસાગર |
| (4) ગુજરાત મોરી મોરી રે | (4) ડૉ.દર્શના ધોળકિયા |
| (5) રાવણનું મિથ્થાભિમાન | (5) પિંકીબહેન પંડયા |

(ક) નીચે આપેલ કાવ્યપંક્તિ પૂર્ણ કરો. (ગમે તે એક) (4)

(1) આલાલીલા વાંસડિયા ..................

..........................................

..........................................

......................... લાડકો રે લોલ.

(2) મળતાં મળી ગઇ ......................

..........................................

..........................................

......................... મોરી મોરી રે.

પ્રશ્ન-2 (અ) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો. (ગમે તે ત્રણ) (6)

(1) 'આલાલીલા વાંસડિયા' ગીતમાં શ્રીકૃષ્ણ માટે કયા-કયા શબ્દો વપરાયા છે ?

(2) ફિલ્મ જોવા માટે મેનેજરે શી વ્યવસ્થા કરી ?

(3) જનકરાજાએ સ્વયંવર વખતે શી શરત મૂકી હતી ?

(4) ગાંધીજીએ અક્ષરો વિશે શું કહ્યું છે ?

(બ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. (ગમે તે બે) (8)

(1) શિકાર માટે ગયેલી સિંહણ શિકાર કર્યા સિવાય શા માટે પાછી ફરી ?

(2) ખરાબ અક્ષરને લીધે થતા ગોટાળા માટે લેખિકાએ કયાં-કયાં ઉદાહરણ આપ્યા છે?

(3) 'સુગંધ કચ્છની' પાઠમાં કચ્છના કયા-કયા જાણીતા સ્થળોનો ઉલ્લેખ થયો છે?

(ક) નીચેનાં વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ) (6)

(1) લેખક અને નિરંજન મફત ફિલ્મ જોઇ શકયા કારણ કે......

(2) બધા બાળકો મેહુલની નોટ જોતા હતા કારણ કે.......

(3) રાવણ પરસેવે રેબઝેબ થઇ ગયો કારણ કે ......

(4) માલધારી સ્રીનો જીવ અડધો થઇ ગયો કારણ કે ......

Scanned by CamScanner

**પ્રશ્ન-3 સૂચના પ્રમાણે કરો.**

**(1) નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે બે)** (2)

(1) એકડિયા-બગડિયાની જેમ (2) રસ પડવો (3) જાત ઘસવી

**(2) નીચેના વાકયમાંથી ક્રિયાવિશેષણ ઓળખીને લખો. (ગમે તે બે)** (2)

(1) માણસો ટપોટપ મરવા લાગ્યા.

(2) એક સંન્યાસી શાંતિથી ચાલ્યા આવે.

(3) પેલો માણસ ટાઢથી થરથર ધ્રૂજી રહ્યો છે.

**(3) નીચેના વાકયોમાંથી નામપદ ઓળખીને લખો. (ગમે તે બે)** (2)

(1) માધવ મોરલી વગાડે છે.

(2) સીતાએ રામને વરમાળા પહેરાવી.

(3) નિરંજનના પત્રની અસર થઈ.

**(4) નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. (ગમે તે બે)** (2)

(1) લખવાનું કામ કરનાર માણસ

(2) લાકડાના નાના-નાના ટુકડા

(3) વંશપરંપરાથી ચાલતું

**(5) નીચે આપેલા વાક્યોના પ્રકાર ઓળખીને લખો. (ગમે તે બે)** (2)

(1) કલમથી કેવી રીતે લખાય છે ?

(2) "સાહેબ પ્રવાસનું સ્થળ નક્કી કરવાનું ભૂલી ગયા લાગે છે. !"

(3) નદી ધસમસતી આવે છે.

**(6) નીચેના વાક્યોમાંથી ક્રિયાપદ શોધીને લખો. (ગમે તે બે)** (2)

(1) ફિલ્મ જોવાની મઝા પડી.

(2) માલાની મમ્મી ઊભી છે.

(3) અમે કાંકરિયાનું પ્રાણી સંગ્રહાલય જોયું.

**(7) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે એક)** (1)

(1) અધર (2) નીર

**(8) નીચેના શબ્દોની જોડણી સુધારીને લખો. (ગમે તે બે)** (2)

(1) સેત્રપાળ (2) મીથ્થાભિમાન (3) ધનૂસ્ય

**પ્રશ્ન-4 (અ) નીચે આપેલ મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો.** (5)

સસલું અને કાચબો – બંને વચ્ચે દોડની હરિફાઈ – સસલાનું અભિમાન – વચ્ચે આરામ કરવો – કાચબાની ધીમી ગતિ – સસલાં કરતાં પહેલાં પહોંચી જવું – કાચબાની જીત – સસલાની હાર – બોધ.

Scanned by CamScanner

**અથવા**

તમે શાળામાં ગેરહાજર રહેવાના છો તેની જાણ કરતો પત્ર તમારા વર્ગશિક્ષકને લખો.

**(બ) નીચે આપેલા વિષયો પૈકી કોઇપણ એક વિષય પર નિબંધ લખો.** (10)

(1) શિયાળાની સવાર

(2) મારો પ્રિય તહેવાર

(3) મારા પ્રિય નેતા

**પ્રશ્ન-5 (અ) નીચે આપેલ ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** (5)

'સાહેબ પોતાનું નામ લખવાની ઉતાવળમાં સુદામા અને ગાંધીજીના વતનને ભૂલી ગયા, સિંધુએ વિનયવિવેક જાળવીને કહ્યું, 'અરે હા ! દ્વારકા અને માધવપુર વચ્ચે પોરબંદર ખરું. રાષ્ટ્રપિતાના જન્મસ્થળને કેમ ભૂલાય ? અને ત્યાંનો દરિયો પણ મુંબઇના ચોપાટી વિસ્તારને ભૂલાવી દે એવો છે. તો સોમનાથનું પ્રભાસક્ષેત્ર મનુષ્યના પુરાતન નિવાસનું કેન્દ્ર છે. સોમનાથનું મંદિર અનેકવાર તૂટયું, પણ ભક્તોની શ્રદ્ધા વધતી રહી. અત્યારે જે ભવ્ય મંદિર આખા દેશના યાત્રીઓને ખેંચી લાવે છે એ સાતમું છે. દ્વારકાનું ત્રિલોક સુંદર જગતમંદિર પણ સમુદ્રકિનારાની શોભા છે.'

**પ્રશ્નો :-**

(1) સાહેબ નામ લખવાની ઉતાવળમાં કોના વતનને ભૂલી ગયા ?

(2) દ્વારકા અને માધવપુર વચ્ચે કયું સ્થળ આવેલું છે ?

(3) કયું મંદિર અનેકવાર તૂટયું છે ?

(4) મનુષ્યના પુરાતન નિવાસનું કેન્દ્ર કયું છે ?

(5) કયું મંદિર સમુદ્રકિનારાની શોભા છે ?

**(બ) પાત્રાલેખન કરો. (ગમે તે બે)** (4)

(1) રામ (2) નિરંજન (3) જનક

**(ક) નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. (ગમે તે ત્રણ)** (6)

(1) માતાને કયું દૃશ્ય જોઇ ધરતી ગોળગોળ ફરતી લાગી ?

(2) ધવલે કલમના બદલે બોલપેનથી લખવાના કયા-કયા ફાયદા બતાવ્યા ?

(3) 'રાવણનું મિથ્યાભિમાન' કાવ્યનો સાર તમારા શબ્દોમાં લખો.

(4) આપણી જાતે કામ કરવાથી શો ફાયદો થાય છે ?

Scanned by CamScanner